ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

પૂ. રવિશંકર મહારાજને પુષ્પાંજલી અર્પણ

ગાંધીનગર, તા.૧૩

૧૮૮૪માં શિવરાત્રીના દિવસે જન્મેલા પૂ. રવિશંકર મહારાજને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જાગૃત નાગરિક પરિષદ અને ગાંધીનગર ચમકે છે જેવી સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.

અરૂણ બુચ, રવિન્દ્રભાઈ દવે, બી.એ. શુકલ, જશવંત ગાંધી, ડી.એસ. ગાંધી, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, અંજનાબેન રાઠોડ, વિજયભાઈ, સૌરભભાઈ, નિલેન્દુ વોરા, ભરત દિક્ષીત સહિત મોટી સંખ્યામાં લોકો પુષ્પાંજલિ અર્પણ કરવા ઉપસ્થિત રહી પ્રાર્થનામાં જોડાયા હતા.

પ્રતિ વર્ષ શિવરાત્રીના દિવસે જ મહારાજશ્રી કે તેમના આશીર્વાદથી ગુજરાત રાજયની સ્થાપના થઈ હતી તેની સમક્ષ પ્રાર્થના, પુષ્પાંજલિ અને લોકોના ભલા માટે આર્શીવાદ માંગવામાં આવે છે તે પરંપરા સંસ્થાઓએ જાળવી હતી.

સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનના મીટરબોક્ષમાં આગ લાગી



ઉનાળાના પ્રારંભીક તબક્કામાં જ મીટર બોક્ષમાં આગ લાગવાના બનાવમાં વધારો થવા પામ્યો છે. ગતરોજ વહેલી સવારે સેકટર-૧૬ માં હોટલના મીટરબોક્ષમાં આગ લાગતા ફર્નીચર અને રીસેપ્શન એરીયા બળીને ભસ્મીભુત થઈ ગયો હતો.જયારે સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના બ્લોક નં.એમ૬-૬૧ ખાતે નીચે ભોંયતળીયે આવેલા મીટરબોક્ષમાં આગ લાગી હતી. આગને પગલે વસાહતીઓમાં દોડધામ મચી જવા પામી હતી. બનાવની જાણ થતા ફાયર બિગ્રેડના જવાનો આવી પહોંચીને ગણતરીની મિનીટોમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં ખાસ કોઈ જાનહાની કે માલહાની થવા પામી ન હતી.

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો ડર દૂર કરવા માર્ગદર્શન સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

કોરોના મહામારી એ વિશ્વનું સૌથી મોટું સંકટ છે. જેની અસર દુનિયાની સમગ્ર જીવસૃષ્ટિ પર થઈ છે. આ મહામારીની અસર ખાસ કરીને વિદ્યાર્થી વર્ગમાં મહત્તમ જોવા મળે છે. મહામારીમાં છેલ્લા એક વર્ષથી વિદ્યાર્થી કોલેજમાં ગયા નથી. અને થોડા સમય પહેલાં જ સરકાર શ્રીના માર્ગદર્શન હેઠળ કોલેજ શરૂ કરવામાં આવી છે. આવા સમયમાં ડિપ્લોમા ઈજનેરીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે જીટીયુની પરીક્ષા તે થોડો ગંભીરતા અને ચિંતાનો વિષય છે. આવા સમયમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર દૂર કરવા માટે તેમજ તેમનામાં પરીક્ષા આપવા માટે આત્મવિશ્વાસનો સંચાર થાય તે માટે સ્વામીજી અને પ્રિન્સિપાલશ્રી ના માર્ગદર્શનથી તેમજ એકેડમીક ડાયરેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં

ડિપ્લોમા ઈજનેરીની પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે જીટીયુની પરીક્ષા અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સંસ્થાના તજજ્ઞશ્રી દ્વારા ડિપ્લોમા ઈજનેરીમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવનાર જીટીયુની પરીક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં, આવનાર જીટીયુની પરીક્ષામાં ધ્યાનમાં રાખવાના મુદ્દા, પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી, પરીક્ષા નું પેપર કેવી રીતે લખવું, પરીક્ષામાં પેપર લખવા માટે આત્મવિશ્વાસ કેવી રીતે કેળવવો અને પરીક્ષાનો ડર કેવી રીતે દૂર કરવો, જેવા વિવિધ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા આયોજિત આ સેમિનારમાં ૨૫૦થી પણ વધુ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈન્દ્રોડા ગામે અસામાજીક તત્વોએ બાઈક સળગાવ્યું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામમાં શિવરાત્રીની મધ્યરાત્રીએ બાઈક સળગાવી દીધુ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ઈન્દ્રાણી માતાના મંદિર પાસે ઉતરતા ઢાળમાં કોઈ અસામાજીત તત્વોએ કોઈ કારણોસર પલ્સર બાઈકને સળગાવ્યું હતું. બાઈકને આગ ચાપી તત્વો ફરાર થઈ ગયા હતા. આગની જવાળઓમાં બાઈક બળીને સંપૂર્ણ ખાક થઈ ગયું છે. આ વિસ્તારમાં શહેરમાં કામ કરતા શ્રમિક પરિવારના સભ્યો અને ગામના ઠાકોર સમાજના પરિવારો વસવાટ કરે છે. આ વિસ્તારમાં મુકવામાં આવેલા વાહનોમાંથી પેટ્રોલ ચોરી, વાહનના અરીસા કાઢી લેવાના, ટાયરને પંકચર કરી દેવાનું, હવા નીકાળવાની, વાહનની લાઈટ કાઢી નાંખવાની સહિતના બનાવો વારંવાર બનતા રહે છે. તેમ છતા સ્થાનિક નાગરીકો કંઈ પણ કરી શકતા નથી. અસામાજીક તત્વોનો આતંકનો ડર નાગરીકોને સતાવી રહ્યો છે. જયારે ગ્રામજનોએ પણ આવા અસામાજીક તત્વોની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. ત્યારે પોલીસ તંત્ર દ્વારા ઈન્દ્રોડા ગામમાં રાત્રીના સમયે સઘન પેટ્રોલીંગ થાય તેવી ગ્રામજનોની લાગણી અને માંગણી છે.

ગાંધીનગરના સેકટર-૧૧ ખાતેના અખબાર ભવન નજીક રિલાયન્સ મોબાઈલ ટાવરની બાજુમાં આવેલ કચરા પેટી વારંવાર છલકાઈ જતી હોવા છતાં તે સફાઈ તંત્ર દ્વારા ખાલી કરવામાં આવતી નથી. એટલું જ નહીં, ગાય વગેરે પશુઓ પણ આ કચરાપેટીમાંથી ઘણોખરો કચરો બહાર ઠાલવતા હોય છે તેથી આ કચરાપેટીના કારણે ગંદકી વધુ ફેલાય છે. આ કચરાપેટી થોડે દૂર હટાવવામાં આવે એવી આસપાસના લોકોની માંગ છે.

સ્વચ્છતા એક્શન પ્લાન અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત ઈકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ગીર ફાઉન્ડેશન ગાંધીનગરના સહયોગથી મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના

બી.એ., એમ.એ. વિભાગ અને શારીરિક શિક્ષણ રમત વિજ્ઞાન વિદ્યાશાખા આયોજિત સ્વચ્છતા એક્શન પ્લાન અંતર્ગત સેમિનાર યોજાયો હતો. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપતાં પ્લાસ્ટિક પ્રદૂષણને સમજીએ અને તેના નિવારણ માટેના પ્રયાસોમાં સહભાગી બનીએ તો જ આ સેમિનારની સાર્થકતા ગણાશે તેમજ મહાત્મા ગાંધીના સ્વચ્છતા અંગેના પાયાના અભિગમો વિશે વાર્તાલાપ કર્યો હતો.

નિવૃત્ત પી.આર.ઓ. ગાંધીનગર તજજ્ઞ વક્તા તરીકે નરેશભાઈ ઠાકરએ પર્યાવરણના વિવિધ પ્રશ્નો ખાસ કરીને પ્લાસ્ટિક પોલ્યુશન, સિંગલ યુઝ પ્લાસ્ટિકના પ્રદૂષણને નિવારવું, વેસ્ટ મેનેજમેન્ટ વગેરે સમસ્યાઓથી અવગત કર્યા. ગૂજરાત વિદ્યાપીઠના નાયબ નિયામક વિસ્તરણ અધિકારી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ ગ્રામસેવા સંકુલોમાં બનાવવામાં આવેલા પાણી સંગ્રહ માટેના ટાંકાઓમાં વરસાદી પાણીના સંગ્રહ, ખંભાતી કૂવાના ઉપયોગ અને સોલર ઉર્જા પ્લાન્ટના ઉપયોગ વિશે માહિતી આપી હતી.

પ્રોજેકટ ઓફિસર આલાપભાઈએ પર્યાવરણ જાગૃતિ-સ્વચ્છતા અંગે પ્રશ્નોત્તરી સાથે સુંદર વાર્તાલાપ કર્યો. ગીતગૂંજન ટૂકડીએ પર્યાવરણ સ્વચ્છતા અંગેના ગીતો ગાઈ શ્રોતાજનોને આનંદિત કર્યા હતા. પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજશભાઈ ઠાકરે આભાર દર્શન કર્યું હતું જ્યારે સમગ્ર સેમિનારનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યક્રમ અધિકારી ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટે કર્યું હતું.

સોફ ઈન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલમ્પિયાડમાં યાશી સિલાવટ પ્રથમ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજિત સોફ ઈન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલમ્પિયાડમાં સ્કૂલ કક્ષાએ યાશી સિલાવટ પ્રથમ આવી છે. આ પરીક્ષાનું આયોજન સોફ ઈન્ટરનેશનલ

જનરલ નોલેજ ઓલમ્પિયાડ દ્વારા નવેમ્બર ૨૦૨૦માં કરવામાં આવ્યું હતું અને આ જનરલ નોલેજની સ્પર્ધા વિશ્વની મોટીમાં મોટી જનરલ નોલેજ ની સ્પર્ધામાંથી એક હોય છે. આ સ્પર્ધાઓ વિવિધ ધોરણ માટે આયોજિત કરવામાં આવે છે અને તેના દ્વારા બાળકોની ક્ષમતા અને તેની શક્તિઓની ખબર થાય છે અને લાખો બાળકોમાં પોતાના બાળકની કઈ પોઝિશન છે તેની ખબર આ સ્પર્ધા દ્વારા થાય છે. યાશી સિલાવટ અત્યારે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૩માં ભણે છે. તેમની આ સિદ્ધિ માટે તેમની માતા પૂજા સિલાવટની મુખ્ય ભૂમિકા રહી છે. યાશી સિલાવટના પિતા નિરજ સિલાવટ સાદરામાં ગૂજરાત વિધાપીઠમાં પ્રોફેસરના હોદ્દા પર સેવા કરે છે સાથે સાથે તેમની આ સિદ્ધિ માટે તેમની સ્કૂલની શિક્ષિકાઓ અને આચાર્ય તેમજ ટ્રસ્ટીઓ તેમને ખુબજ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

ઉષા પર્વ અંતર્ગત વિવિધ ક્ષેત્રની મહિલાઓને ઉદગમ્ વુમન્સ એચીવર એવોર્ડથી સન્માનીત કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની સંસ્થા ઉદગમ્ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં અમદાવાદની ગુજરાત યુનિવેર્સિટીના સેનેટ હૉલ ખાતે ઉદગમ્ ટ્રસ્ટી ઉષાબેન ધ્રુવકુમાર જોશીની સ્મૃતિમાં 'ઉષા પર્વ'નું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત વિવિધ ક્ષેત્રે કાર્યરત ૩૩ સન્નારીઓને અને એક પુરુષને 'ઉદગમ્ વુમન્સ એચીવર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી.

બારમા ઉદગમ્ વુમન્સ એચીવર એવોર્ડમાં મુખ્ય મહેમાનપદે અમદાવાદ પશ્ચિમના સંસદસભ્ય ડૉ. કિરીટ સોલંકી, ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર- નાજાભાઈ ઘાંઘર, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુભાઈ પંડ્યા, નાયબ માહિતી નિયામક પંકજ મોદી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૉવન પ્લાનર ઈન્ડીયાના ચેરમેન એન. કે. પટેલ, પી. સી. સ્નેહલના એમ. ડી. ચિરંજીવ પટેલ, હાર્ટ ફોઉંડેશનના ચેરમેન ડૉ. નીતિન સુમંત શાહ, કોત્રા અમદાવાદના

ડાયરેક્ટર જનરલ લિમ તાઈહંગ સાથે ઉદગમના ટ્રસ્ટી ધ્રુવભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષે ઉદગમ્ વુમન્સ એચીવર એવોર્ડથી સન્માનીત મહિલાઓમાં સ્પોર્ટ્સ એન્ડ દિવ્યાંગ મહિલા ગીતા એસ. રાવ વિશેષ એજ્યુકેટર પૂજા પટેલ, ઉદ્યોગ સાહસિક કોમલ સોની, કેપ્ટન, ચાંદની દિલીપ મહેતા, સમાજસેવા વિભા જગદીશચંદ્ર ઠક્કર, વંદના રાજકુમાર ગુપ્તા, અનાર મહેતા, ડો. નંદિતા પાઠક, સારિકા બહેતી, લાઈફ ટાઈમ એચીવમેન્ટ શૈલજા મધુકર અંધારે, ઈલાબેન જોશી, હોલ ઓફ ફેમ જીગીષાબેન પટેલ, સીએસઆર લીડર રીતુ નથાની, આરોગ્ય ડૉ. ઉર્વીબેન દિપક મહેતા, ડૉ. મોના નમન શાહ, વેલનેસ વિહા એન જેના પુગલિયા, સાહિત્ય ગોપાળી બુચ, ભાર્ગવી પંડયા, પત્રકારત્વ સીમા ગિલ, નતાશા બક્ષી, યંગ અચીવર્સ ઐશ્વર્યા જૈન, ડૉ. મિત્સુ ચાવડા, આર્ટ એન્ડ કલ્ચર સોનીબેન કરમનભાઈ ગોહિલ, આરજે રાધિકા બારોટ, ઉલકા મયુર, અંજલિ સંજયકુમાર તન્ના, મૌસમ મહેતા, મલકા મહેતા, આર્કિટેક્ટ ચિરાશ્રી ઠક્કર, સાયબર એક્સપર્ટ કવની ભાર્ગવ પરીખ, શિક્ષણ રોઝિલી વિક્ટર, નિદા સુતરિયા, વુમન એમ્પાવરમેન્ટ બાય મેન અશોક દાસ જેવી વિવિધ ક્ષેત્રમાં નોંધનીય કામગીરી કરનાર વ્યક્તિઓને એવોર્ડથી નવજાવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે ઉદગમ્ ના ડૉ. મયુર જોશી અને ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

આઈઆઈટી-ગાંધીનગરના ગણિતના સહાયક પ્રોફેસર અતુલ દિક્ષિતને પ્રતિષ્ઠિત ગેબરઝેબો પ્રાઈઝ ૨૦૨૧

ગાંધીનગર, તા.૧૩

પાલજ ખાતેની ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન આઈઆઈટી-ગાંધીનગરના ગણિતના સહાયક પ્રોફેસર અતુલ દિક્ષિતને યુ.એસ.એ.ની સોસાયટી ફોર ઈન્ડસ્ટ્રીયલ એન્ડ એપ્લાઈડ મેથેમેટિક્સ (સિઆમ), દ્વારા આપવામાં આવતા પ્રતિષ્ઠિત ગેબરઝેબો પ્રાઈઝ ૨૦૨૧ જીતનાર પ્રથમ ભારતીય ગણિતશાસ્ત્રી બન્યા છે.

ધ સિઆમ એક્ટિવીટી ગ્રૂપ આન ઓર્થોગોનલપોલિનોમિયલ્સ એન્ડ સ્પેશ્યલ ફંક્શન્સ ઓર્થોગોનલપોલિનોમિયલ્સ એન્ડ સ્પેશ્યલ ફંક્શન્સના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંશોધન યોગદાન માટે દર બે વર્ષે કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં હોય તેવા એક સંશોધનકર્તાને ગેબરઝેબો પ્રાઈઝ આપે છે. પહેલીવાર આ એવોર્ડ કોઈ ભારતીય ગણિતશાસ્ત્રીને આપવામાં આવી રહ્યો છે. ખાસ કરીને રામાનુજનના કાર્યને સંદર્ભમાં લઈને સ્પેશિયલ ફંક્શન્સનો ઉપયોગ કરીને નંબર થિયરીને લગતી સમસ્યાઓના ઉકેલ માટે પ્રોફેસર અતુલ દિક્ષિતના પ્રભાવશાળી વૈજ્ઞાનિક કાર્ય માટે તેમની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

આ એવોર્ડમાં પ્રશસ્તિપત્ર સાથેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ એવોર્ડ પહેલા ઓર્થોગોનલપોલિનોમિયલ્સ, સ્પેશ્યલ ફંક્શન્સ એન્ડ એપ્લિકેશન્સ-૨૦૨૧ના આંતરરાષ્ટ્રીય સિમ્પોઝિયમમાં એનાયત થવાનો હતો. જોકે, કોવિડ-૧૯ રોગચાળાની હાલની વૈશ્વિક પરિસ્થિતિને લીધે આ સમારોહ જુલાઈ-૨૦૨૧ને બદલે જુલાઈ-૨૦૨૨માં યોજવામાં આવશે. એવોર્ડના ભાગ રૂપે પ્રોફેસર અતુલ દીક્ષિતને કેનેડાની યુનિવર્સિટી ડીમોન્ટ્રીયલના સેન્ટર ડીરિચર્સ મેથેમેટીકસ (સીઆરએમ)ખાતે યોજાનાર પ્રતિષ્ઠિત કાર્યક્રમ ઓપીસેફએ-૧૬માં સમાપન સત્રમાં વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરવામાં આવશે.

જન્મદિને વધામણી

દિગ્વિજયસિંહ રાઠોડ

ગીતાબેન પી દવે
મો. ૭૦૪૬૮ ૩૨૪૬૭

પૃથ્વી વોરા
મો. ૭૪૦૫૭ ૫૩૫૦૦

રોહન ડી ગોહેલ
મો. ૬૩૫૪૯ ૨૫૨૦૮



મહર્ષિ ગોપાલ સોલંકી
મો. ૯૪૨૬૩ ૩૩૪૩૮

અનેરી દુષ્યંત દવે
મો. ૭૬૯૮૮ ૧૯૯૭૨

વિશ્વ મહિલા દિવસને અનુલક્ષી ને એક સેવાકીય કાર્યક્રમનું આયોજન ગાંધીનગર મુક્તિધામ ખાતે પ્રયોષા સંસ્થા ની અગિયાર માં વર્ષ ની ઉજવણી સાથે કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી લક્ષ્મી જોશી દ્વારા મહિલાઓને સનેટી પેડની ગુણવત્તા ઉપયોગ અને નિકાલ અંગે માહિતી અપાઈ હતી. ડો હાર્દિક તલાટી દ્વારા રેડ ડોટ કેમ્પેઇન અભિયાન વિષે માહિતી આપવામાં આવી હતી. હાજર મહિલાઓને સેનેટરી પેડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ખાસ દિવસે પ્રયોશાના લક્ષ્મી જોશી એ મુક્તિધામ સ્ટાફની અગિયાર દિકરીઓને દત્તક લીધી હતી જેમને કાયમી સેનેટરી પેડ આપવામાં આવશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ ઈશાબેન મણીલાલ
  ઉ.વ. ૮૦, ચાંદીસણા, માણસા
- સ્વ. રોઝીવાલા લક્ષ્મીબેન કરશનભાઈ
  ઉ.વ. ૮૭, સેકટર-૨૦
- સ્વ. ઠાકોર બાલુબેન અમાજી
  ઉ.વ. ૬૬, ગોલથરા, કલોલ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. જાડેજા નટુભા કાળુભા
  ઉ.વ. ૮૮, કુડાસણ
- સ્વ. સીતાપરા શ્યામજીભાઈ હરજીભાઈ
  ઉ.વ. ૬૨, સરગાસણ